મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

સોમવાર ૨૩ જૂન, ૨૦૨૫



# મ.ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી સંપન્ન

મધ્ય ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી અમૂક બનાવોને બાદ કરતા શાંતીપૂર્ણ સંપન્ન થઈ હતી. ડભોઈ તાલુકા ની ૨૮ ગ્રામ પંચાયત ની ચૂંટણી યોજાઈ રહી છે. ચાર પાંચ વર્ષ પછી યોજાઈ રહેલ ગ્રામ પંચાયત ની ચૂંટણી મા મતદારો મા ભારે ઉત્સાહ જોવાઈ રહ્યો છે. ગ્રામ પંચાયતની ચુંટણી અંતર્ગત સમગ્ર રાજયમાં મતદાન થઈ રહ્યું છે ત્યારે છોટાઉદેપુર જિલ્લાના સરપંચો અને સભ્ય માટેની મતદાન પ્રક્રિયા થઈ રહી છે. સિંગવડ તાલુકાની 16 ગ્રામ પંચાયત એક પેટા ગ્રામ પંચાયતની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. સિંગવડ તાલુકાની 16 ગ્રામ પંચાયત અને પેટા ગ્રામ પંચાયતની ચૂંટણી સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. પાદરામાં સ્થાનિક સ્વરાજ ની ગ્રામ પંચાયત ની પાદરા તાલુકાની 46 ગ્રામ પંચાયત તથા 8 પેટા બેઠકો માટે ચુંટણી શાંતપ્રિય માહોલમાં યોજાઈ હતી.

## ડભોઈ તાલુકાની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં 43 હજાર મતદારોએ મતનો ઉપયોગ કર્યો

(પ્રતિનિધિ) ડભોઈ તા.22

ડભોઈ તાલુકા ની ૨૮ ગ્રામ પંચાયત ની ચૂંટણી યોજાઈ રહી છે. ચાર પાંચ વર્ષ પછી યોજાઈ રહેલ ગ્રામ પંચાયત ની ચૂંટણી મા મતદારો મા ભારે ઉત્સાહ જોવાઈ રહ્યો છે લોકશાહી ના પર્વ ની ઉજવણી માં યુવાનો મહીલા ઓ અને વૃધ્ધો અને દિવ્યાંગ મતદારો મા અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો ડભોઈ તાલુકા મા ૪૩ હજાર થી વધુ મતદાતા ઓ પોતાના પવિત્ર મત નો ઉપયોગ કરી રહ્યા છે ડભોઈ તાલુકા સરપંચ પદ માટે ૭૯ જેટલા ઉમેદવારો



પોતાનું નસીબ અજમાવી રહ્યા છે પોતાના વિસ્તાર માટે વિકાસ ના કામ નો વચનો આપી મતદાતા ઓ નો વિશ્વાસ સંપાદન કરવા પ્રયાસ ચાલી રહ્યો છે આ સમાચાર લખાય છે ત્યાં સુધી આખાય તાલુકા મા શાંતિ પૂર્ણ મતદાન ચાલી રહ્યુ છે.

## દાહોદ જિલ્લામાં 262 સામાન્ય ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં 77.18% મતદાન

**13 ગ્રામ** પંચાયતની પેટાચૂંટણીમાં 66.88% મતદાન

(પ્રતિનિધિ) ડભોઈ તા.22

દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોન ચુંટણીનું આજે મતદાન હોઈ દાહોદમાં આજરોજ વહેલી સવારથીજ મતદારો મતદાન કરવા માટે મતદાન મથકોએ પહોંચી ગયાં હતાં. દાહોદ જિલ્લામાં 14 ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીનું સાંજના પાંચ વાગ્યા સુધીમાં 66.88 ટકા મતદાન નોંધાયું છે. જ્યારે 262 સામાન્ય ગ્રામ પંચાયતોનું સાંજના પાંચ વાગ્યા સુધી 77.18% મતદાન નોંધાયું છે. આજના આ મતદાનમાં સરપંચ પદના ૮૪૦ અને સભ્યો પદના ૪૩૩૬ ઉમેદવારોનું ભાવી મતદાન પેટીમાં સીલ થઈ જવા પામ્યું છે.

### મોટીહાંડી ગામે ધામણ ખોબરા વર્ગ પ્રાથમિક શાળાના મતદાન મથકે પુન: મતદાન યોજાશે

ઝાલોદના મોટીહાંડી ગામે ધામણ ખોબરા વર્ગ પ્રાથમીક શાળા મતદાન મથકે બે પક્ષો વચ્ચે માથાકુટ થતાં અફરા તફરીનો માહૌલ સર્જાઇ જવા પામ્યો હતો. આ માથાકુટમાં મતદાન મથકની ચુંટણી સામગ્રી પણ ગુમ થઈ જવા પામી હતી. આ ઘટનાની જાણ ઝાલોદના પ્રાત અધિકારી સમેત ચુંટણી અધિકારીઓને થતાં તમામ સ્થળ પર પહોંચી ગયાં હતાં સાથે સાથે દાહોદ જિલ્લા પોલીસ વડા તેમજ સ્થાનીક પોલીસનો કાફલો પણ મતદાન મથકે પહોંચી ગયો હતો. જ્યાં પ્રાંત અધિકારી દ્વારા મતદાન મથકે તપાસ કરતાં જ્યાં સરપંચ ઉમેદવારના ૪૩ અને સભ્યો ઉમેદવારના ૪૩ બેલેટ ગુમ થયાં હોવાનું સામે આવ્યું છે. આ મતદાન મથક પર ફરી મતદાન યોજાનાર છે.

### ગ્રામ પંચાયતની ચૂંટણીના મતદાન મથકોની મુલાકાત લેતા જિલ્લા કલેક્ટર

**બોડેલી :** છોટાઉદેપુર જિલ્લાના સરપંચો અને સભ્ય માટેની મતદાન પ્રક્રિયા થઈ રહી છે. આ મતદાન પ્રક્રિયાનું કલેક્ટર



ગાર્ગી જૈન દ્વારા વિવિધ ગ્રામ પંચાયતોના મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લઈ મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મતદાન મથકો પર ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી મતદાનની માહિતી મેળવી કલેક્ટરએ તેઓને જરૂરી સૂચનો આપ્યા હતા. આ મુલાકાત દરમિયાન છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઇમ્તિયાઝ શેખ, મદદનીશ પોલીસ અધિક્ષક ગૌરવ અગ્રવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### દેલોલના સરપંચપદના ઉમેદવારના પતિ મતદારોને દારૂ આપતા પકડાયા

**કાલોલ :** કાલોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગ્રામ પંચાયતની



ચૂંટણીના બંદોબસ્તના ભાગરૂપે પેટ્રોલિંગમાં હતો દેલોલ ગામથી આલોકકુમાર બળવંતભાઈ રાઠોડના મોબાઇલથી માહિતી આપી જણાવાયું હતું કે દેલોલ સુથાર ફળિયામાં નીરવભાઈ ગૌતમભાઈ પટેલ, રહેવાસી રામનાથ, તેઓના પત્ની લતાબેને ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ તરીકે ઉમેદવારી કરી હોય પત્નીની તરફેણમાં વોટીંગ કરાવવા માટે મતદારોને લોભ લાલચ આપવા માટે ઇંગ્લિશ દારૂનું વેચાણ કરે છે. તેમજ ભૌતિકકુમાર ભરતભાઈ પટેલ ઉ વ ૩૨ રે રાબોડ તા. કાલોલ ઝડપાયા હતા.

### સીમળીયા ગ્રામ પંચાયતના વોર્ડ નં.3 ,4 ,5 ,6ના મતદારો એક જ બૂથ પર હોવાથી અંધાધૂંધી

**ડભોઈ :** ડભોઈ તાલુકાના સિમળીયા ગ્રામ પંચાયત ના વોર્ડ નં ૩ ,૪ ,૫ આને ૬ બેઠક માટે ૧૮૦૦ ઉપરાંત મતદારો નોંધાયેલા છે અને એકજ બુથ મા સમાવેશ કરવામાં આવેલ હોવાને લઇ મતદારોની લાંબી કતાર લાગી હતી. ચૂંટણી ની પંચ ની નિષ્કાળજી ને લઈ મતદારો મા રોષ જોવા મળી રહ્યો છે એક તરફ વરસાદ ની સંભાવના ઓ અને ખેતી કામ મા જોતરાયેલા ઓ ની હાલત કફોડી બની છે એ સાથે આદર્શ ચૂંટણી પંચ ની ગાઇડ લાઇન ના પણ લીરેલીરા ઉડતા જોવા મળે છે બુથ થી ૨૦૦ મીટર ની અંદર ઉમેદવાર ના પોષ્ટર અને ઝંડા જોવા મળ્યા હતા. ચૂંટણી પંચ ના જવાબદાર અધિકારીઓ એ ભૂલ કરનાર કર્મચારી સામે પગલાં લેવાની માંગ પણ ઉઠવા પામી છે.

## પાદરા તાલુકાની 46 પંચાયત તથા 8 પેટા બેઠકો માટે 3 વાગ્યા સુધી 53.68% મતદાન



**પાદરા :** સ્થાનિક સ્વરાજ ની ગ્રામ પંચાયત ની પાદરા તાલુકાની 46 ગ્રામ પંચાયત તથા 8 પેટા બેઠકો માટે ચુંટણી શાંતપ્રિય માહોલમાં યોજાઈ. બેલેટ પેપર થી મતદાન ને કારણે મોડી રાત સુધી મતદાન ચાલે તેવું ચર્ચાઈ રહ્યું છે. 46 સરપંચો ની બેઠક માટે 148 સભ્યો ના ભાવિ મતદાન પેટી માં સીલ, બપોરે 3 વાગ્યા સુધીનું 53.63 ટકા મતદાન નોંધાવા પામ્યું હતું. જેમાં 33849 પુરુષ મતદાર તેમજ 33293 સ્ત્રી મતદારો એ મતદાન કર્યું હતું. પાદરા તાલુકાની 46 ગ્રામ પંચાયતો તથા 8 પેટા બેઠકો માટે આજે ચુંટણી યોજાઈ હતી. મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને વહેલી સવારે જ મતદાન મથકો પર લાંબી લાઈનો લાગી હતી. બેલેટ પેપર દ્વારા મતદાન યોજાતા મતદારોમાં ખાસ ઉત્સાહ રહ્યો હતો.

## ગરબાડા તાલુકામાં ગ્રામ પંચાયત ચૂંટણીનું શાંતિમય વાતાવરણમાં મતદાન થયો



**ગરબાડા :** સવારે 7 થી 3 વાગ્યા સુધીમાં 62 % મતદાન નોંધાયું. ગરબાડા તાલુકામાં 18 ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી અને 2 ગ્રામ પંચાયતોની પેટા ચુંટણી યોજાઈ હતી. જે માટે કુલ 79 મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને 59 ઉમેદવારો સરપંચ બનવા ચૂંટણી લડ્યા હતા. ચુંટણી બેલેટ પેપર મારફતે યોજાઈ હતી. સવારથી મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારના 7 થી 3 કલાક સુધીમાં 62% સરેરાશ મતદાન થયું હતી. ત્યારબાદ 6 વાગ્યા સુધીમાં અંદાજે 75 ટકા મતદાન પૂર્ણ થયું હતું. સરપંચ તેમજ સભ્ય પદ ના ઉમેદવારો નું ભાવિ પેટીમાં પેક થયું છે જેની મતગણતરી તારીખ 25 જૂન ના રોજ ગરબાડા ખાતે યોજાશે. 59 ઉમેદવારો સરપંચ બનવા ચૂંટણી લડ્યા હતા.

## સિંગવડની 16 ગ્રામ પંચા.ની પેટા ચૂંટણી સંપન્ન

સિંગવડ - સિંગવડ તાલુકાની 16 ગ્રામ પંચાયત અને પેટા ગ્રામ પંચાયતની ચૂંટણી સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થયું હતું જ્યારે મતદારોમાં આઠ વર્ષ પછી 16 ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ગ્રામ પંચાયતના મતદાતાઓમાં પણ ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે જ્યારે દરેક બુથો પર મતદાતાઓની ખૂબ ભીડ જોવા મળી હતી જેમાં મહિલા મતદાતાઓમાં અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો હતો બુથો પર દેખો ત્યાં મહિલા મતદારની લાંબી લાઈન દેખાઈ રહી હતી જ્યારે યુવાનો માં પણ ઉત્સાહ દેખાઈ રહ્યો હતો.

## વાસિયામાં વોટ આપવાનો સિક્કો ગાયબ

**સંજેલી :** ચોરા ફળીયુ પ્રાથમિક શાળામાં મતદાન મથક માંથી મતદાન કરવાનો સિક્કો ગાયબ થઈ જતા રસા કસીના દ્રશ્યો સર્જાયા હતા. 12. 30 સુધીમાં 36.37 ટકા મતદાન નોંધાયું હોવાનું વિગત વાંસીયા પંચાયત. વાંસીયા પ્રા. શાળા. 1776 જેટલું. સરપંચ તરીકેના ત્રણ ઉમેદવાર 1. રાજુ ભાઈ ગલાલ.. ખંડણી 2. તેરસીંગ દુબલા વસૈયા. ગ્લાસ 3. રાહુલ શાંતિલાલ સંગાડા. ટેબલ. નિશાન છે. 4 બુથ પ્રા. શાળા ખાતે. ચોરા ફળીયુ. પ્રા. શાળા પર 4 બુથ પર હાલ મતદાન શાંતિપૂર્વક ચાલુ. મળતી માહિતી મુજબ 1 વાગે સુધીમાં સિક્કો લાપતા હોવાનું જાણવા મળ્યું હતું. પ્રિસાઈડિંગ ઓફિસર પાસે બીજો સિક્કો હોવાથી મતદારોનું મતદાન ચાલુ કરવામાં આવીયુ હતું.

## કાલોલ તાલુકાની 24 ગ્રામ પંચાયત ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ



**કાલોલ :** કાલોલ તાલુકાની ૨૬ ગ્રામ પંચાયત પૈકી ૨ ગ્રામ પંચાયત સમરસ થવાથી ૨૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી આજરોજ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી. દેલોલ, ઝાંખરીપુરા,વરવાળા, ઝેરના મુવાડા, અંબાલા, ખંડેવાળ, નેસડા, ડેરોલ સ્ટેશન, દેવપુરા, દેવ ચોટિયા, ફતેપુરી, અલવા(ઝીલીયા), ઘોડા, હિંમતપુરા, મધવાસ, બરોલાની ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. કુલ 28 મતદાન મથકો પૈકી સાત સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા હાલોલ ડીવાયએસપીના સુપરવિઝન હેઠળ 1 પીઆઇ, 2 પીએસઆઈ, 35 એએસઆઈ/હેડ કોન્સ્ટેબલ, 52 હોમગાર્ડનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મતદારોએ ભારે ઉત્સાહથી મતદાન કર્યું હતુ.

## હાલોલમાં 10 સામાન્ય અને 2 પેટા ચૂંટણીમાં 46.47 ટકા મતદાન



**હાલોલ :** હાલોલ તાલુકાની ૧૦ સામાન્ય અને ૨ પેટ સરપંચ પદ માટે આજે રવિવાર યોજાયેલ ચૂંટણી માં બપોર ના ત્રણ વાગ્યા સુધી માં ૧૦ પંચાયત સામાન્ય ચૂંટણીમાં ૧૯,૭૪૨ મતદારો પૈકી ૧૨,૦૯૫ મતદારોએ મતદાન કરતા ૬૧.૨૭ ટાકા મતદાન થયું હતું. જયારે ત્રણ પેટા ચૂંટણીમાં ૩,૯૪૨ મતદારો પૈકી ૧,૮૩૨ મતદારો મતદાન કરતા ૪૬.૪૭ ટકા મતદાન થયું હતું. સ્થાનિક ચૂંટણી ને લઈ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા માંડ્યો હતો. દરેક બુથ ઉપર મતદારોની લાઈનો જોવા મળી હતી. સવાર ના સાત વાગ્યા થી સારું થયેલ સાંજે છ વાગ્યા સુધી ચાલેલ મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થતા વહીવટી તંત્ર ને હાશકારો અનુભવ્યો હતો. યોજાયેલ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી.

## સાવલી તાલુકા ઉમેદવારોનો ઉત્સાહ : 54.13% મતદાન



**સાવલી :** સાવલી તાલુકામાં આજરોજ યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીના મતદાનમાં મતદારો એ ભારે ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું અને મતદારો ની લાંબી કતારો લાગી હતી ખાસ કરીને મહિલા મતદારો એ ભારે ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું

સાવલી તાલુકામાં આજરોજ યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીના મતદાનમાં મતદારો એ ભારે ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું અને મતદારો ની લાંબી કતારો લાગી હતી ખાસ કરીને મહિલા મતદારો એ ભારે ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું

સાવલી તાલુકા ની 26 ગ્રામ પંચાયત ની સરપંચ પદ ની 67 બેઠકો અને સભ્યપદ માટે 264 ઉમેદવારો માટે આજરોજ મતદાન યોજાયું હતું જેમાં કુલ 51815 મતદારો મતદારો નોંધાયેલા હતા અને મતદારો એ ભારે ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું અને મતદારો ની લાંબી કતારો જોવા મળી હતી સમગ્ર તાલુકામાં આજે સવારે ૭ વાગ્યે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન ચાલુ થયું હતું જેમાં 9 થી 3 વાગ્યા સુધી માં 13824 પુરુષ અને 14222 સ્ત્રી મતદારો એ મતદાન કરતા કુલ 28046 અને 54.13 ટકા મતદાન 3 વાગ્યા સુધીમાં નોંધાવા પામ્યું હતું જ્યારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં 16558 પુરુષ અને 17206 સ્ત્રી મતદારો એ મતદાન કરતા કુલ 65.36 મતદાન નોંધાવા પામ્યું હતું.

કેટલા મતદાન મથકોમાં એક જ મતદાન બુથ માં ત્રણ ત્રણ વોર્ડ ના મતદારોએ મતદાન કરવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું એક જ મતદાન કુટીર ઊભી કરવામાં આવી હતી પગલે ભારે અંધાધુંધી ફેલાઈ હતી ભારે હેરાનગતિ ભોગવવાનો વારો આવ્યો હતો.

# મધ્ય ગુજરાત તરબોળ: છોટાઉદેપુરમાં સતત છઠ્ઠા દિવસે વરસાદ, સુખી ડેમનો ગેટ ખોલાયો

## સુખી ડેમનો 6 નંબરનો ગેટ 30 સેમી. ખોલાયો



**બોડેલી** - છોટાઉદેપુર જિલ્લામાં સતત છઠ્ઠા દિવસે વરસાદ વરસતા નદી નાળા છલકાયા, સુખી ડેમ નો 6 નંબર નો ગેટ 30 સેમી ખોલાયુ. છોટાઉદેપુર જિલ્લામાં સતત છઠ્ઠા દિવસે વરસાદ વરસતા ઉપર વાસમાંથી પાણી નો પ્રવાહ વધવાના કારણે જિલ્લાના ઓરસંગ નદીમાં તથા આસપાસના કોતર માં પાણીનો પ્રવાહ વધવા માડ્યો હતો જ્યારે ગઈકાલે ભારજ નદીના પ્રવાહમાં એક ટ્રેક્ટર રેતી ભરવા ગયેલ હતું તે ડૂબી ગયો હતો

જ્યારે સુખી ડેમ ખાતે સવારના 9:00 કલાકે 6 નંબરનો ગેટ 30 સેન્ટીમીટર જેટલો ખોલવામાં આવ્યો જ્યારે 5 નંબરનો પહેલાથી જ 30 cm ખુલ્લો રાખવામાં આવ્યો હતો.

## બોડેલીના જબુગામ મુખ્ય બજારમાં ખાડા પડી ગયા



**બોડેલી** - છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ મુખ્ય બજારમાં નેશનલ હાઈવે નંબર 56 પર મસ મોટા ખાડા પડ્યા જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે જબુગામ મુખ્ય બજારમાં જ મસ્ મોટા ખાડા જોવા મળી રહ્યા છે જયારે 2 વર્ષ અગાઉ જ આ હાઈવે રોડ બન્યો હોવાનો ગામ લોકો દ્વારા જણાવવામાં આવ્યું જબુગામ મુખ્ય બજારમાં નેશનલ હાઈવે નંબર 56 પર મસ મોટા ખાડા પડતા વાહન ચાલકો તથા આસપાસના દુકાનદારોને ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે ખાડાઓના કારણે કપચી ઉડી રોડની બાજુમાં આવેલ મેડિકલ સ્ટોર માં જાય છે જ્યારે મેડિકલ સ્ટોર પર દવા લેવા અર્થે આવેલ લોકોને વાગવા ના કેટલાક બનાવ બન્યા છે.

## બોડેલીના ચાપરગોટા ગામે મોટો ભુવો જોવા મળ્યો



**બોડેલી** - છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ચાપરગોટા ગામ જ્યાં મુખ્ય પ્રવેશ દ્વાર પર આવેલ નાડા ઉપર મોટો ભુવો પડતા અવરજવર કરનારાઓને જોખમ ચાપરગોટા ગામ જે જબુગામ નજીક આવેલ છે ત્યાંના લોકોને અવર-જવર કરવા માટે કોતર ઉપર બનાવેલ નાડા ઉપરથી રહીને આવવુ પડે છે જ્યારે નાડુ નીચુ હોવાના કારણે વરસાદ વરસતા જ કેટલીક વાર તો કમર કમર સુધી નાડાની ઉપર પાણી જોવા મળી રહે છે જ્યારે આવી પરિસ્થિતિ સર્જાતી હોય છે ત્યારે ગામમાં રહેતા લોકો જેઓનો મુખ્ય વ્યવસાય ખેતી તથા પશુપાલનનો છે જેથી કરીને ગામ લોકોને દૂધ વેચવા માટે ચાપરગોટા ગામની બહાર આવવું પડે છે.

## ઘોડાદરા પાસે દેવ નદીમાં ખેડૂત તણાયો



**વાઘોડિયા** - ત્રણ કલાક બાદ સ્થાનિક તરવૈયાઓએ મૃતદેહ શોધી કાઢ્યો.

ઘોડાદરા ગામનો ખેડૂત પોતાના બળદ લઈને નદી પસાર કરી રહ્યો હતો ત્યારે અચાનક નદીનો પ્રવાહ વધતા તે બળદ સાથે તણાયો હતો જો કે સ્થાનિકોએ બળદને બહાર કાઢ્યા હતા, પરંતુ આધેડને બચાવે તે પહેલા નદીના પ્રવાહમાં ગુમ થયો હતો.વાઘોડિયા તાલુકાના ઘોડાદરા ગામે રહેતા શ્રમજીવી જીના ભાઈ કાલિદાસ વસાવા ઉંમર વર્ષ 50 પોતાના બળદોને લઈ દેવ નદી પટમાં ગયા હતા. ત્યારે ઉપરવાસમાં થયેલા વરસાદના કારણે દેવ નદીમાં પાણીનું સ્તર વધતા આધેડ બળદો સાથે નદી પાર કરતા પાણીમાં તણાયા હતા.સ્થાનિકો દ્વારા બળદોને બહાર કાઢવામાં આવ્યા હતા.

## બહાદરપુર અને હાંડોદ માર્ગ પર ગાબડાંમાં વરસાદી પાણીનો ભરાવો થયો

**સંખેડા** - સંખેડા તાલુકાના હાંડોદ અને બહાદરપુર સ્વામિનારાયણ મંદિરથી લઈને ટાવર સુધીના રસ્તા ઉપર મોટા ખાડાઓની ભરમાર થઈ ગઈ છે.સંખેડા તાલુકાના બહાદરપુર ગામના મુખ્યમાર્ગ ઉપર રસ્તા ઉપર પડેલા મસમોટા ખાડામાં વરસાદી પાણી ભરતાં વાહન ચાલકોને ભારે હાલાકી પડી રહી છે. હાંડોદ ચોકડી સર્કલ પાસે છે. આ ગાબડા પૂરવાની તાતી જરૂરિયાત ઊભી થઈછે.

તાજેતરમાં જ પડેલા વરસાદના પાણી ભરાઈ ગયેલાં જોવા મળે છે. પાણીના નિકાલ માટેની કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે અહીં પાણી ભરાઈ રહે છે. પાણી ભરાવાની રહેતી આ સમસ્યાના કારણે લોકો પરેશાન બન્યા છે.

## શિનોરમાં મેઘરાજાની રમઝટ 9 મી.મી. વરસાદ નોંધાયો

**શિનોર** - વડોદરાના શિનોરમાં ભારે પવન સાથે વરસી રહ્યો છે ભારે વરસાદ વરસાદના પગલે શિનોર બજારમાં વરસાદી પાણી વહેતા થયાં નદીઓ વહેતી થઈ હોય તેવા દ્રશ્યો શિનોર બજારમાં જોવા મળ્યા શિનોર બજારમાં વરસાદી પાણી વહેતા થતા વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા. પવન સાથે વરસેલા વરસાદ ને પગલે વાતાવરણ ઠંડુગાર બન્યુ. વીતેલા 24 કલાકમાં 9 mm જેટલો વરસાદ પડતા સીઝનનો કુલ વરસાદ 81 મિલિમિટર થયો છે. શિનોરમાં ઠેર ઠેર જગ્યાએ પાણીનો ભરાવો થઈ જતાં ગામ લોકોને ભારે તકલીફોનો સામનો કરવાનો વારો આવ્યો હતો. પાણી વહેતા થતા વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા.